**કાયમી સુચના**
**એ.જી. સાથે લોન વસુલાતનું**
**રીકન્સીલેશન**

નં.વિજાક/હસબ/લોનવસુલાત/મેળવણું/૦૬-૦૭/૭૪૭૧-૯૧
નિયામક,વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,
ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોકનં-૪/૩
ગુજરાત રાજય,ગાંધીનગર
તારીખ:૯/૦૧/૨૦૦૭

# પરિપત્ર :-

**વિષય : એ.જી. કચેરી, અમદાવાદ સાથે ખાતાની લોન યોજનામાં કરેલ / થયેલ લોન વસુલાતની તથા વ્યાજની આવકનું મેળવણું કરવા અંગેના માસિક પત્રકો મોકલવા તથા નિયમાનુસાર લોન વસુલાતની કાર્યવાહી હાથ ધરવા બાબત**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે આ ખાતા તરફથી વિકસતી જાતિ કલ્યાણની વિવિધ યોજનાઓ હેઠળ લોન આપવામાં આવેલ છે અને હાલમાં પણ આપવામાં આવે છે જેની સામે નિયમોનુસાર અને સમયસર વસુલાત કરવાની રહે છે. તથા આવી લોન વસુલાતની અને તેના વ્યાજની આવકનું એ.જી. કચેરી, અમદાવાદ ખાતે વડી કચેરી ધ્વારા દર માસે / ત્રિમાસિક ધોરણે મેળવણું કરવાનું થાય છે. **તેથી હવેથી ખાતાની જે તે લોન યોજના હેઠળ જે તે માસમાં વસુલ આવેલ / કરેલ લોન વસુલાતની અને વ્યાજની રકમની માસિક વિગત દર્શાવતા આ સાથે સામેલ નિયત કરેલ પત્રક-૧ માં ત્યાર પછીના માસની ૧૫મી તારીખ સુધીમાં અચૂક વડી કચેરીની હિસાબી શાખાને મોકલી આપવા સુચના આપવામાં આવે છે. આ અંગેની વધારાની સુચનાઓ નીચે મુજબ છે. જેનો પણ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.**

૧. આપની કચેરી તરફથી ઉકત નિયત થયેલ પત્રક (માસવાર / યોજનાવાર) મોકલતાં પહેલા જે તે માસમાં સરકારી તિજોરીમાં જમા થયેલ લોન વસુલાતની અને વ્યાજની આવકની વિગતોનું પત્રક-૨ (નમુનો સામેલ છે) ત્રણ નકલમાં તૈયાર કરી જિલ્લા તિજોરી કચેરીમાં રજુ કરી લોન વસુલાતની અને વ્યાજની આવકની ખરાઈ કરાવી તે અંગેના જિલ્લા તિજોરી કચેરીના "Verified & Found Correct" ના શેરા અને સહી સાથેના બે પત્રકો પરત મેળવી તે પૈકી એક નકલ ઉકત નિયત થયેલ પત્રક-૧ માં માંગ્યા પ્રમાણેની સંપૂર્ણ વિગતો સાથે અચૂક મોકલી આપવાનું રહેશે.

૨. પ્રથમ તબકકે, ચાલુ નાણાકીય વર્ષના માહે એપ્રિલ-૦૬ થી ડીસેમ્બર-૦૬ સુધીના ૯ માસના "માસવાર / યોજનાવાર" લોન વસુલાત (વ્યાજ સહિત) ના પત્રકો (નમુનો નં. ૧) તથા જિલ્લા તિજોરી કચેરી ધ્વારા ખરાઈ થઈ આવેલ લોન વસુલાતના (વ્યાજ સહિત) પત્રકો (નમુનો નં. ૨) વડી કચેરીની હિસાબી શાખાને **તા. ૩૧/૧/૦૭ સુધીમાં અચૂક મોકલી આપવા અંગત કાળજી લેશો જેથી એ.જી. કચેરી, અમદાવાદ ખાતે ફેબ્રુઆરી-૦૭ના પ્રથમ પખવાડીયા દરમ્યાન લોન વસુલાતની અને વ્યાજની આવકનું મેળવણું હાથ ધરી શકાય.**

૩. ત્યારબાદ માહે જાન્યુઆરી–૦૭ માસથી દરેક માસની લોન વસુલાતની અને વ્યાજની માહિતીના પત્રક–૧, ૨ જે તે માસ પુરો થયા પછીની ૧૫મી તારીખ સુધીમાં નિયમિત રીતે અચૂક હિસાબી શાખાને મોકલી આપવા અંગત કાળજી લેશો.

૪. આ સાથે સામેલ પત્રક–૩ માં ખાતાની લોન યોજનાઓના તથા વ્યાજના "હિસાબી સદરો" ની સંપૂર્ણ વિગતો દર્શાવેલ છે તેમાં જણાવ્યા મુજબ ખાતાની લોન યોજનાઓની વસુલાત જે તે યોજના હેઠળ સાચા હિસાબી સદરે એ.જી. કચેરીમાં નોંધાય તે હેતુસર આપની કચેરી ધ્વારા તૈયાર કરવાના ચલણોમાં તથા લાભાર્થીઓને લોન વસુલાત / વ્યાજ ભરવા માટે પત્ર / નોટીસથી જણાવવામાં આવે ત્યારે તેમાં સાચા હિસાબી સદરની વિગત અચૂક જણાવવાની પણ અંગત કાળજી લેવી. જેથી એ.જી. કચેરી સાથે લોન વસુલાતના મેળવણાની કામગીરીમાં સરળતા રહે તેમજ ટ્રાન્સફર એન્ટ્રીઓના કામકાજનું ભારણ પણ ઘટાડી શકાય.

૫. વધુમાં અગાઉના વર્ષોમાં જે લોન વસુલાતની અને વ્યાજની આવક સરકારી તિજોરીમાં જમા થયેલ છે તેની જિલ્લા તિજોરી કચેરી પાસે જે તે સમયે આપની કચેરી ધ્વારા ખરાઈ કરાવી લીધેલ હશે અને તે મુજબ જે તે લાભાર્થીના ખાતામાં લોનની વસુલાત તથા વ્યાજની રકમ જમા લીધી હશે તેમ છતાં જો આ કામગીરી અધૂરી રહેલ હોય તો જિલ્લા તિજોરી કચેરીમાં રૂબરૂ સંપર્ક સાધીને જેટલા વર્ષોનું રેકર્ડ ઉપલબ્ધ હોય તેની જાણકારી મેળવીને તેટલા વર્ષોની લોન વસુલાત તથા વ્યાજની આવકના ચલનોની વિગતના યોજનાવાર / માસવાર કે વર્ષવાર પત્રકો (નમુના–૨ મુજબ) તૈયાર કરી તિજોરી કચેરીમાં રજુ કરી ખરાઈ કરાવી લેવાની રહેશે અને તેની આપની કચેરીમાં યોગ્ય જાળવણી / નિભાવણી કરવાની રહેશે આ અંગેની કામગીરી પૂર્ણ કરીને તેની જાણ વડી કચેરીની હિસાબી શાખાને તુરત જ કરવાની રહેશે.

૬. ખાતાની જે યોજનાઓમાં લોન આપેલ છે તથા આપવામાં આવે છે તે અંગેના લોનના હિસાબોની સંપૂર્ણ વિગતો લોન લેજરમાં નોંધાયેલ હોવી જોઈએ અને દરેક લાભાર્થી / સહકારી મંડળીના લોન એકાઉન્ટ નંબરો આપેલા હોવા જોઈએ. લોન લેજરમાં દરેક લાભાર્થી / સહકારી મંડળીના હપ્તા વસુલ કરવાના ક્યારે ડયુ થાય છે તથા નકકી થયેલ ટકાવારી મુજબ વ્યાજ / દંડનીય વ્યાજ જે સમયાંતરે ચડત થતું હોય તેની વિગતો પણ નોંધાયેલ હોવી જોઈએ. લોનના હપ્તા ડયુ થયેથી તુર્તજ લાભાર્થી / સહકારી મંડળીઓને નોટીસ આપી લોનના હપ્તા, વ્યાજ વગેરે ભરવા અને લાભાર્થી / સહકારી મંડળી ધ્વારા જે તે યોજના હેઠળ હિસાબના સાચા સદરે લોનની વસુલાત સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવે તે મુજબની સંપૂર્ણ જાણકારી પૂરી પાડવાની રહેશે. ખાતા તરફથી આપવામાં આવેલ લોન અને તેની સામે આવેલ વસુલાત (વ્યાજ સહિત) નું યોગ્ય નિયંત્રણ રાખવા માટે લોનના હિસાબો લાભાર્થીવાર / સહકારી મંડળીવાર / યોજનાવાર અદ્યતન રાખવાના રહેશે અને તે અંગેની અંગત કાળજી રાખવાની રહેશે.

૭. ખાતાની લોનની વસુલાત ઘણી જ ઓછા પ્રમાણમાં આવતી હોવાથી એ. જી. કચેરી ધ્વારા જિલ્લાની દરેક કચેરીઓના તથા વડી કચેરીના ઓડીટ અહેવાલમાં બાકી લોન વસુલાત અંગેના ઓડિટ વાંધા લેવામાં આવે છે અને પરિણામે ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ તરફથી વસુલાતની મંદ કાર્યવાહી અંગે ગંભીર નોંધ લઈ ખુલાસાઓ માંગવામાં આવતાં હોય છે. આથી ખાતાએ આપેલી લોનની સામે વસુલાતનું પ્રમાણ વધે તેવી નિયમાનુસારની અને સમયસર કાર્યવાહી કરવા તથા તેમાં પણ ઓવરડયુ લોન અને વ્યાજ

માટે અગ્રીમતાથી વસુલાત કરવા માટે નિયમાનુસાર રેવન્યુ રાહે તાત્કાલીક કાર્યવાહી કરવા પણ સુચના આપવામાં આવે છે.

૮. જે યોજનાઓની લોન વસુલાત બાકી હોવા છતાં જે તે માસમાં વસુલાત આવેલ કે કરેલ ન હોય તો પણ પત્રક–૧ માં કોલમ–૨માં જણાવેલ ક્રમ ૧ થી ૫ ની વિગતો અવશ્ય ભરીને મોકલી આપવાનું રહેશે.

૯. સરકારશ્રીના નાણાં વિભાગના તા. ૧૫/૯/૦૬ ના પરિપત્ર નં. અપબ / ૧૦૨૦૦૬ / ૩૮૭૫ / ક થી આપેલ સુચના મુજબ સને ૨૦૦૭–૦૮ ના આવકના અંદાજોમાં "રાજ્ય સરકારે આપેલી લોનની વસુલાત ધ્વારા થતી આવકના અંદાજો એકત્રિત કરીને આવકના સંબંધિત લોન સદર માટે અચૂક પણે મોકલવાના થાય છે જેમાં સને ૨૦૦૭–૦૮ દરમ્યાન થનાર સંભવિત લોનની વસુલાતના અંદાજો સુચવતી વખતે અગાઉના એરીયર્સ (બાકી વસુલાત) ની રકમ પણ દર્શાવવાની થાય છે અને તે ૨૦૦૭–૦૮ ના વર્ષમાં મળી શકશે કે કેમ ? તે અંગે દરેક જિલ્લાના અધિકારીઓએ પોતાનો અભિપ્રાય આપવાનો રહે છે. **આ સુચના હવે પછી વર્ષોવર્ષ લાગું પડનાર હોઈ આ સુચનાનું અચૂક પાલન કરવાનું રહેશે અને આ બાબતને ટોચ અગ્રતા આપવાની રહેશે.**

૧૦. આ પરિપત્ર મળ્યાની પહોંચ સાથે આપની કચેરીના "PR-A રજીસ્ટર" (મુદતી પત્રકોનું રજીસ્ટર) માં આ પરિપત્રની સૂચનાની નોંધ કર્યાનું પ્રમાણિત કરીને દિન–૭ માં આ કચેરીને જણાવવાનું રહેશે તથા તે મુજબ સમયસર પત્રકો વડી કચેરીને દર માસે મોકલ્યાની નોંધો "PR-B રજીસ્ટર" માં અચૂક થાય અને પ્રમાણીત થાય તેની પણ અંગત તકેદારી રાખશો.

આ બાબતને ટોચ અગ્રતા આપવી.

**બિડાણ** : ઉપર મુજબ (પત્રક–૧ થી ૩)

(કે. જી. વણઝારા)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા નાયબ નિયામકશ્રી
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી,
વિકસતી જાતિ કલ્યાણની કચેરી,
..............................

<u>નકલ રવાના :–</u>

૧. નાયબ નિયામકશ્રી (વહીવટ) વડી કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા જિલ્લા કચેરીઓના ઈન્સ્પેકશન વખતે ઉકત પરિપત્રની સુચનાનો અમલ થયેલ છે કે કેમ ? તેની ચકાસણી કરાવવા સારૂ

૨. નાયબ નિયામકશ્રી (જનરલ / શિક્ષણ) વડી કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા જિલ્લા કચેરીઓ ધ્વારા આપની શાખાના નિયંત્રણ હેઠળની લોન યોજનાઓમાં નિયમાનુસાર અને સમયસર લોનની વસુલાતો થાય તેનું યોગ્ય મોનીટરીંગ અને ફોલોઅપ કરવા સારૂ.

જિલ્લા કચેરીનું નામ :
સરનામું :
ટેલીફોન નં :

## જિલ્લા તિજોરી કચેરી ................................................... ખાતે લોન વસુલાતના અને વ્યાજના ચલણોની ખરાઈ કરવા રજુ કરવા અંગેનું પત્રક—૨

| ક્રમ | નાણાં ભરનારનું નામ, સરનામું | રકમ રૂ. | તારીખ | જે બેંક / તિજોરીમાં રકમ ભરેલ હોય તે | હિસાબનું મુખ્ય સદર |
|---|---|---|---|---|---|
| | | | | | |

જિલ્લા અધિકારીની સહી અને
સિક્કો

C:\Mdev06\Acct\lon-shay.doc

## નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતાની લોન યોજનાની કરેલ વસુલાતનું એ.જી. કચેરી, અમદાવાદ ખાતે મેળવણુ કરવા અંગેની માહિતી દર્શાવતુ પત્રક – ૧

**જિલ્લા કચેરીનું નામ :**

**માહે :**

| ક્રમ | યોજનાનું નામ (યોજનાવાર અલગ પત્રક તૈયાર કરવું) | લોનીનું નામ, સરનામુ | માહે : .................. માસ દરમ્યાન કરેલી વસુલાત / ચલણની રકમ રૂા. | | | માહે : .................. માસ દરમ્યાન કરેલી વસુલાત તિજોરીમાં જમા કરાવ્યાના ચલણની તારીખ |
|---|---|---|---|---|---|---|
| | | | લોન વસુલાત | વ્યાજ | દંડનીય વ્યાજ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |
| ૧ | ગત વર્ષ સુધીની કુલ વસુલાત રૂા. | | | | | |
| ૨ | ચાલુ વર્ષના ગત માસ (માહે ............) સુધીની કુલ વસુલાત રૂા. | | | | | |
| ૩ | ચાલુ માસ (માહે ....................) દરમ્યાનની કુલ વસુલાત રૂા. | | | | | |
| ૪ | ચાલુ વર્ષના આ માસ સુધીની કુલ વસુલાત રૂા. | | | | | |
| ૫ | એકંદરે કુલ વસુલાત રૂા. | | | | | |

<u>પ્રમાણપત્ર</u> :

૧. આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ઉપર દર્શાવેલ વસુલાતના ચલણોની જિલ્લા તિજોરી કચેરી ખાતે ખરાઈ કરાવવામાં આવેલ છે અને તે બદલનું પત્રક આ સાથે સામેલ રાખેલ છે.

૨. ઉક્ત યોજનાની આ માસના અંત સુધીની એકંદરે કુલ રૂા. ................. લાખની લોન આ કચેરી ધ્વારા ચૂકવેલ છે.

જિલ્લા અધિકારીની સહી અને
સિક્કો

## નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર
## ખાતાની લોન યોજનાઓની વસુલાત તથા વ્યાજના હિસાબી સદરોની વિગત દર્શાવતું
## પત્રક–૩

### સેકટર (છ) લોન અને પેશગીઓ

| | | |
|---|---|---|
| (૧) | મુખ્ય સદર | ૬૨૧૬ આવાસન માટે લોન |
| | પેટા મુખ્ય સદર | ૮૦ સામાન્ય |
| | ગૌણ સદર | ૮૦૦ અન્ય ખર્ચ |
| | પેટા સદર | બીસીકે–૧૫૨ વિચરતી તેમજ વિમુકત જાતિ અને (૨) અસ્થાયી જાતિ માટે સહકારી આવાસન મંડળીઓને નાણાંકીય સહાય |
| | હેડ ચાર્જેબલ કોડ | ૬૨૧૬ ૮૦ ૮૦૦ ૦૧ ૦૮ |
| (૨) | મુખ્ય સદર | ૬૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે લોન |
| | પેટા મુખ્ય સદર | ૦૩ પછાતવર્ગોનું કલ્યાણ |
| | ગૌણ સદર | ૮૦૦ અન્ય ખર્ચ |
| | પેટા સદર | બીસીકે–૧૦૩ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના કાયદા અને તબીબી સ્નાતકોને વ્યવસાય શરૂ કરવા માટે લોન |
| | હેડ ચાર્જેબલ કોડ | ૬૨૨૫ ૦૩ ૮૦૦ ૦૬૮ |
| (૩) | મુખ્ય સદર | ૬૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે લોન |
| | પેટા મુખ્ય સદર | ૦૩ પછાતવર્ગોનું કલ્યાણ |
| | ગૌણ સદર | ૮૦૦ અન્ય ખર્ચ |
| | પેટા સદર | બીસીકે–૧૪૭ વિચરતી અને વિમુકત જાતિના તબીબી સ્નાતકોને નાણાંકીય સહાય |
| | હેડ ચાર્જેબલ કોડ : | ૬૨૨૫ ૦૩ ૮૦૦ ૧૦૯ |
| (૪) | મુખ્ય સદર | ૬૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે લોન |
| | પેટા મુખ્ય સદર | ૦૩ પછાતવર્ગોનું કલ્યાણ |
| | ગૌણ સદર | ૮૦૦ અન્ય ખર્ચ |
| | પેટા સદર : | બીસીકે–૧૧૨ શહેરી વિસ્તારના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના લઘુ ઉદ્યોગ સાહસિકોને લોન |
| | હેડચાર્જેબલ કોડ : | ૬૨૨૫ ૦૩ ૧૦૨ ૦૨૧ |

| | | | |
|---|---|---|---|
| (૫) | મુખ્ય સદર | | ૬૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે લોન |
| | પેટા મુખ્ય સદર | | ૦૩ પછાતવર્ગોનું કલ્યાણ |
| | ગૌણ સદર | | ૮૦૦ અન્ય ખર્ચ |
| | પેટા સદર | : | બીસીકે–૧૩૪ ગરીબી નાબુદી કાર્યક્રમ હેઠળ શહેરી વિસ્તારના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના નાના ઉદ્યોગ સાહસિકોને લોન |
| | હેડચાર્જેબલ કોડ | : | ૬૨૨૫ ૦૩ ૮૦૦ ૦૪૫ |
| (૬) | મુખ્ય સદર | : | ૬૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે લોન |
| | પેટા મુખ્ય સદર | : | ૦૩ પછાતવર્ગોનું કલ્યાણ |
| | ગૌણ સદર | : | ૮૦૦ અન્ય ખર્ચ |
| | પેટા સદર | : | બીસીકે–૮૪ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગને કોમર્શીયલ પાઈલોટ તાલીમ માટે લોન |
| | હેડચાર્જેબલ કોડ | : | ૬૨૨૫ ૦૩ ૮૦૦ ૦૫૮ |
| (૭) | મુખ્ય સદર | : | ૬૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે લોન |
| | પેટા મુખ્ય સદર | : | ૦૩ પછાતવર્ગોનું કલ્યાણ |
| | ગૌણ સદર | : | ૮૦૦ અન્ય ખર્ચ |
| | પેટા સદર | : | બીસીકે–૯૯ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને લોન |
| | હેડચાર્જેબલ કોડ | : | ૬૨૨૫ ૦૩ ૮૦૦ ૦૬૫ |
| (૮) | મુખ્ય સદર | : | ૬૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે લોન |
| | પેટા મુખ્ય સદર | : | ૦૩ પછાતવર્ગોનું કલ્યાણ |
| | ગૌણ સદર | : | ૮૦૦ અન્ય ખર્ચ |
| | પેટા સદર | : | બીસીકે–૧૦૫, પેટ્રોલ / ગેસ / કેરોસીન એજન્સીની ડીલરશીપ માટેની લોન |
| | હેડચાર્જેબલ કોડ | : | ૬૨૨૫ ૦૩ ૮૦૦ ૦૧૪ |

(૯) મુખ્ય સદર : ૬૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે લોન
પેટા મુખ્ય સદર : ૦૩ પછાતવર્ગોનું કલ્યાણ
ગૌણ સદર : ૮૦૦ અન્ય ખર્ચ
પેટા સદર : બીસીકે–૧૦૦ કુટિર (લઘુ) ઉદ્યોગો અને સ્વરોજગાર માટે લોન સહાય (સા.શૈ.પ.વ., આ.પ.વ., લઘુમતી)
હેડચાર્જેબલ કોડ : ૬૨૨૫ ૦૩ ૮૦૦ ૦૩

(૧૦) મુખ્ય સદર : ૬૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે લોન
પેટા મુખ્ય સદર : ૦૩ પછાતવર્ગોનું કલ્યાણ
ગૌણ સદર : ૮૦૦ અન્ય ખર્ચ
પેટા સદર : બીસીકે–૨૪ કુટિર (લઘુ) ઉદ્યોગો અને સ્વરોજગાર માટે લોન સહાય (વિચરતી–વિમુકત)
હેડચાર્જેબલ કોડ : ૬૨૨૫ ૦૩ ૮૦૦ ૧૩૦

(૧૧) મુખ્ય સદર : ૬૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે લોન
પેટા મુખ્ય સદર : ૦૩ પછાતવર્ગોનું કલ્યાણ
ગૌણ સદર : ૮૦૦ અન્ય ખર્ચ
પેટા સદર : બીસીકે–......... મકાન બાંધકામ લોન (વ્યકિતલક્ષી યોજના)
હેડચાર્જેબલ કોડ : ૬૨૨૫ ૦૩ ૮૦૦ ૧૧૬

(૧૨) મુખ્ય સદર : ૬૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે લોન
પેટા મુખ્ય સદર : ૦૩ પછાતવર્ગોનું કલ્યાણ
ગૌણ સદર : ૮૦૦ અન્ય ખર્ચ
પેટા સદર : બીસીકે–૧૦૪ નાના અને સીમાંત ખેડુતોને મોટર / ઓઈલ એન્જીન ખરીદવા માટે લોન (સા.શૈ.પ.વ.)
હેડચાર્જેબલ કોડ : ૬૨૨૫ ૦૩ ૮૦૦ ૦૩૮

(૧૩) મુખ્ય સદર : ૬૪૨૫ સહકાર માટે લોન
પેટા મુખ્ય સદર : ૦૦
ગૌણ સદર : અન્ય સહકારી મંડળીઓને લોન
પેટા સદર : બીસીકે– ૧૨૦ પી.ડબલ્યુડી ૨૧૯ યોજના હેઠળ આવાસન માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની આવાસન સહકારી મંડળીઓને લોન
હેડચાર્જેબલ કોડ : ૬૪૨૫ ૦૦ ૧૦૮ ૮૯૧

## વ્યાજ અને દંડનીય વ્યાજ માટેના હિસાબી સદરો

(૧૪) પી.ડબલ્યુ.આર. ૨૧૯ યોજના હેઠળ આવાસન સરકારી મંડળીઓને આપેલ લોનનું વ્યાજ

| | | |
|---|---|---|
| મુખ્ય સદર | : | ૦૦૪૯ વ્યાજ પ્રાપ્તિ |
| પેટા મુખ્ય સદર | : | ૦૪ રાજ્ય સરકારની વ્યાજ પ્રાપ્તિ |
| ગૌણ સદર | : | ૧૯૫ સહકારી મંડળીઓ પાસેથી વ્યાજ |
| પેટા સદર | : | ૦૦ |
| હેડચાર્જેબલ કોડ | : | ૦૦૪૯ ૦૪ ૧૯૫ ૦૦૬ |

(૧૫) બાકીની લોન યોજનાઓ માટેનું વ્યાજ / દંડનીય વ્યાજ

| | | |
|---|---|---|
| મુખ્ય સદર | : | ૦૦૪૯ વ્યાજ પ્રાપ્તિ |
| પેટા મુખ્ય સદર | : | ૦૪ રાજ્ય સરકારની વ્યાજ પ્રાપ્તિ |
| ગૌણ સદર | : | ૮૦૦ બીજી આવકો |
| પેટા સદર | : | ૦૦ |
| હેડચાર્જેબલ કોડ | : | ૦૦૪૯ ૦૪ ૮૦૦ ૦૦૯ |